ગાંધીનગર સમાચાર

ત્રણ તાલુકા પંચાયતની પાંચ બેઠક પર ૮૦ ટકાથી વધુ મતદાન નોંધાયુ

# ગાંધીનગર તાલુકાના કયા ગામમાં કેટલુ મતદાન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૯મીએ યોજાયેલ ચૂંટણીમાં ગાંધીનગર તાલુકાની ૯ બેઠકો પર કયા ગામમાં કેટલું મતદાન થયું તેની વિગતવાર નોંધ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| છાલા | ૪૭૩૫ | શાહપુર | ૧૪૪૧ |
| ચંદ્રાલા | ૧૯૯૩ | પીરોજપુર | ૧૨૭૧ |
| ધણપ | ૧૮૬૫ | રતનપુર | ૮૨૭ |
| ગિયોડ | ૧૪૪૫ | કોલવડા | ૫૫૭૫ |
| મહુન્દ્રા | ૧૧૭૨ | રૂપાલ | ૪૧૪૪ |
| દો.વાસણા | ૨૧૭૭ | સોનીપુર | ૧૨૨૧ |
| લેકાવાડા | ૧૨૦૦ | સરઢવ | ૪૧૯૭ |
| ચેખલારાણી | ૬૧૫ | કુડાસણ | ૩૪૧૧ |
| ધરમપુર(ભૂંડિયા) | ૪૮૦ | રાંદેસણ | ૮૩૧ |
| સાદરા | ૨૭૪૦ | કોબા | ૧૬૭૩ |
| માધવગઢ | ૧૨૪૫ | સુઘડ | ૧૨૧૪ |
| જાખોરા | ૧૧૭૩ | નભોઈ | ૩૯૬ |
| ચિલોડા(ડ) | ૨૨૨૦ | અમીયાપુર | ૮૭૭ |
| મગોડી | ૨૩૦૯ | રાયસણ | ૧૩૧૫ |
| રતનપુર(મગોડી) | ૧૫૬ | ભાટ | ૨૭૯૬ |
| ઈસનપુરમોટા | ૧૬૯૪ | કોટેશ્વર | ૧૦૫૮ |
| શિહોલી મોટી | ૨૩૭૭ | પોર | ૨૫૩૬ |
| દશેલા | ૧૬૪૩ | અંબાપુર | ૧૭૫૬ |
| આલમપુર | ૧૪૪૦ | ઉવારસદ | ૫૦૬૮ |
| પ્રાંતિયા | ૨૩૯૩ | આદરજમોટી | ૪૮૭૩ |
| લવારપુર | ૧૨૭૦ | જલુંદ | ૧૧૧૪ |
| પાલજ | ૧૨૮૨ | ટીટોડા | ૩૫૮૦ |
| ચિલોડા(ન) | ૪૦૫૭ | ભોયણરાઠોડ | ૧૧૪૯ |
| રણાસણ | ૭૬૪ | અડાલજ | ૩૮૬૨ |
| વલાદ | ૫૩૨૦ | તારાપુર | ૯૬૪ |
| કરાઈ | ૨૯૨ | સરગાસણ | ૧૧૦૧ |
| રાયપુર | ૧૭૬૨ | વાવોલ | ૪૮૯૮ |
| મેદરા | ૯૮૩ | પુન્દ્રાસણ | ૧૧૮૨ |
| વિરાતલાવડી | ૯૭૮ | ઝુંડાલ | ૩૧૪૨ |
| લિમ્બડીયા | ૬૧૯ | ખોરજ | ૨૧૦૫ |
| ડભોડા | ૭૪૭૯ | જમીયતપુરા | ૧૨૯૭ |
| વાંકાનેરડા | ૧૦૦૪ | દંતાલી | ૭૯૨ |
| સોનારડા | ૧૫૩૦ | શેરથા | ૩૬૭૯ |
| વડોદરા | ૩૫૮૩ | | |
| ગલુદણ | ૧૩૯૩ | | |

● (નોંધ : રાંધેજા બેઠક બિનહરિફ થયેલ છે)



ગાંધીનગરના મહેમાન - ગાંધીનગરના પાદરે પાલજ ગામમાં નવનિર્મિત ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીએ મુલાકાત લીધી હતી... જ્ઞાન-માહિતી પુસ્તિકાનું વિમોચન તથા કલ્ચરલ હેરીટેઝનું ડિજીટાઈઝેશનના ૩ડી અભ્યાસક્રમનો શુભારંભ કરાવ્યો હતો... આ પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી તથા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્મૃતિ ઈરાનીએ કેમ્પસની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી.... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૭ બેઠકો પર ૭૦ ટકાથી વધુ મતદાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો માટે યોજાયેલ ચૂંટણીમાં ૬૯.૬૦ સત્તાવાર મતદાન નોંધાયું છે.

ગઈકાલે યોજાયેલ મતદાનને અંતે આજે સત્તાવાર આંકડાઓ તંત્રએ જાહેર કર્યા છે. જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો પૈકી ૧૭ બેઠકો પર ૭૦ ટકા કે તેથી વધુ મતદાન નોંધાયું છે. જ્યારે ૯ બેઠકો પર ૬૦ ટકાથી વધુ પણ ૭૦ ટકાથી ઓછુ મતદાન નોંધાયું છે. જ્યારે ત્રણ બેઠકો પર ૪૯.૯૧ ટકાથી ૬૦ ટકા જેટલુ મતદાન નોંધાયું છે.

જિલ્લામાં સૌથી વધુ મતદાન કલોલ તાલુકાની ભોયણ મોટી બેઠક પર ૭૯.૬૩ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે સૌથી ઓછુ મતદાન ગાંધીનગર તાલુકાની નવી બનેલી વાવોલ બેઠક પર ૪૯.૮૧ ટકા મતદાન નોંધાયું છે.

ગાંધીનગર તાલુકાની નવી બનેલી બે બેઠકો વાવોલ અને ઝુંડાલ બેઠક પર ઓછુ મતદાન નોંધાયું છે.

**દહેગામની સાતેય બેઠક પર ૭૦ ટકાથી વધુ મતદાન : કલોલની ૪, ગાંધીનગર-માણસાની-૩-૩ બેઠકો પર ૭૦ ટકાથી વધુ મતદાન : વાવોલમાં સૌથી ઓછુ મતદાન તો કલોલની ભોયણ મોટી બેઠક પર સૌથી વધુ મતદાન**

વાવોલ બેઠક પર ૪૯.૮૧ ટકા તો ઝુંડાલ બેઠક પર ૫૬.૨૯ ટકા મતદાન નોંધાયું છે. આ ઉપરાંત ચરાડા બેઠક ૫૯.૪૮ ટકા મતદાન નોંધાયું છે.

જિલ્લાની જે બેઠકો પર ૭૦ ટકા કે તેથી વધુ મતદાન નોંધાયું છે. તેમાં અમરાજીના મુવાડા, બહિયલ, ભોંયણમોટી, બિલોદરા, બોરીસણા, ડભોડા, હાલીસા, હરખજીના મુવાડા, ઈટાદરા, કડજોદરા, કોલવડા, લીંબોદરા, પલીયડ, રખિયાલ, સમૌ, સાણોદા, સાંતેજ, સોજા અને ઉવારસદ બેઠકનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાની સાતેય બેઠક પર મતદારોએ ભારે ઉત્સાહ દાખવી અને ૭૦ ટકા કરતાં વધુ મતદાન કર્યું છે. જ્યારે કલોલ તાલુકાની ૪ બેઠકો બોરીસણા, પલિયડ, સાંતેજ અને સોજા બેઠક પર ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. માણસા અને ગાંધીનગર તાલુકાની ત્રણ-ત્રણ બેઠકો પર આવુ ભારે મતદાન થયું છે. જેમાં માણસા તાલુકાની ઈટાદરા, લીંબોદ્રા અને સમૌ બેઠક તેમજ ગાંધીનગર તાલુકાની કોલવડા, ડભોડા અને ઉવારસદ બેઠકનો સમાવેશ થાય છે.

જિલ્લામાં મતદારોએ મતદાનમાં દાખવેલા મિજાજનું વિશ્ર્લેષણ કરવા માટે રાજકીય આગેવાનોએ આજે આખો દિવસ મતદાનના ગણિતનો કોયડો ઉકેલવામાં વિતાવ્યો હતો.

જિલ્લા પંચાયતની બેઠકની બેઠકોમાં ત્રણ બેઠકો નવી બની હોવાથી સીમાંકનમાં જે ફેરફારો થયા તેને લઈ રાજકીય વિશ્લેષકોને મથામણ કરવી પડી રહી છે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લા પંચાયતની કઈ બેઠક પર કેટલુ મતદાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો પર રસાકસીનો જંગ જામ્યો હતો. રાંધેજા બેઠક બિનહરીફ જાહેર થઈ હતી. એટલે ૨૯ બેઠકોના ૬૮ ઉમેદવારોના ભાવિ ઈ.વી.એમ.માં ૨૯મી તારીખે સીલ થઈ ગયા છે. ૨જી ડિસેમ્બરે અર્થાત આવતીકાલે મતગણતરી હાથ ધરાશે. ત્યારે કોણ જીતશે - કોણ હારશે તેના સમીકરણો ખુલ્લા થઈ જશે. કઈ બેઠક પર કેટલું મતદાન થયું તેના સત્તાવાર આંકડા આ મુજબ છે.

| વોર્ડનું નામ | કુલ મતદાર | કુલ મતદાન | કુલ મતદાન ટકાવારી |
|---|---|---|---|
| અમરાજીના મુવાડા-૧ | ૨૨૦૩૮ | ૧૬૧૪૭ | ૭૩.૨૬ |
| બહીયલ-૨ | ૨૦૮૫૬ | ૧૫૪૨૧ | ૭૩.૯૪ |
| ભોયણમોટી-૩ | ૨૧૨૯૮ | ૧૬૯૬૦ | ૭૯.૬૩ |
| બીલોદરા-૪ | ૨૨૮૧૦ | ૧૬૧૧૪ | ૭૦.૬૪ |
| બોરીસણા-૫ | ૨૦૮૦૨ | ૧૩૭૫૦ | ૬૬.૦૯ |
| ચરાડા-૬ | ૨૧૪૮૯ | ૧૨૭૮૩ | ૫૯.૪૮ |
| છાલા-૭ | ૨૯૯૧૭ | ૨૦૮૫૦ | ૬૯.૬૯ |
| ચિલોડા(ડ)-૮ | ૨૫૨૨૧ | ૧૬૭૮૪ | ૬૬.૫૪ |
| ચિલોડા(ન)-૯ | ૨૧૦૩૭ | ૧૪૪૭૫ | ૬૮.૮ |
| ડભોડા-૧૦ | ૨૫૦૯૫ | ૧૮૫૯૮ | ૭૪.૧૧ |
| હાલીસા-૧૧ | ૨૩૫૦૩ | ૧૬૬૮૪ | ૭૦.૯૮ |
| હરખજીના મુવાડા-૧૨ | ૨૨૦૧૮ | ૧૫૮૭૭ | ૭૨.૧ |
| ઈટાદરા-૧૩ | ૨૪૧૯૯ | ૧૮૦૫૯ | ૭૪.૬૨ |
| કડજોદરા-૧૪ | ૨૪૭૩૭ | ૧૭૨૨૫ | ૬૯.૬૩ |
| કોલવડા-૧૫ | ૨૧૧૩૬ | ૧૫૧૩૭ | ૭૧.૬૧ |
| કુડાસણ-૧૬ | ૨૬૪૮૬ | ૧૭૮૬૩ | ૬૭.૪૪ |
| લીબોદરા-૧૭ | ૨૮૦૪૪ | ૨૦૨૨૨ | ૭૨.૧ |
| લોદરા-૧૮ | ૨૫૬૯૯ | ૧૭૬૧૬ | ૬૮.૫૪ |
| પલીયડ-૧૯ | ૨૪૯૨૫ | ૧૭૫૯૮ | ૭૦.૬ |
| પાનસર-૨૦ | ૨૪૩૪૦ | ૧૫૮૪૪ | ૬૫.૦૯ |
| રખીયાલ-૨૧ | ૨૧૫૭૪ | ૧૫૧૯૪ | ૭૦.૪૨ |
| રાંધેજા-૨૨ | ૦ | ૦ | ૦ |
| સઈજ-૨૩ | ૨૭૧૩૯ | ૧૬૮૧૭ | ૬૧.૯૬ |
| સમા-૨૪ | ૨૦૩૧૭ | ૧૫૨૬૫ | ૭૫.૧૩ |
| સાણોદા-૨૫ | ૨૨૩૩૯ | ૧૭૧૫૩ | ૭૬.૭૮ |
| સાંતેજ-૨૬ | ૨૦૬૪૯ | ૧૫૨૩૮ | ૭૩.૭૯ |
| સોજા-૨૭ | ૨૩૯૬૫ | ૧૮૫૦૪ | ૭૭.૨૧ |
| ઉવારસદ-૨૮ | ૨૧૪૨૪ | ૧૫૭૮૪ | ૭૩.૬૭ |
| વાવોલ-૨૯ | ૨૪૧૦૩ | ૧૨૦૦૭ | ૪૯.૮૧ |
| ઝુંડાલ-૩૦ | ૧૯૫૭૪ | ૧૧૦૧૯ | ૫૬.૨૯ |
| કુલ | ૬૭૬૭૩૪ | ૪૭૦૯૮૮ | ૬૯.૬૦ |

# ત્રણ તાલુકા પંચાયતની પાંચ બેઠક પર ૮૦ ટકાથી વધુ મતદાન નોંધાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ત્રણ તાલુકા પંચાયતની ૭૮ બેઠકો માટે ગઈકાલે યોજાયેલા મતદાનમાં

**કલોલની આમજા બેઠક પર સૌથી વધુ મતદાન : માણસાની આજોલ બેઠક પર સૌથી ઓછુ મતદાન**

પાંચ બેઠકો પર ૮૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.

જે પાંચ બેઠકો પર ૮૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે તેમાં દહેગામની બે અને કલોલની બે બેઠકો તેમજ માણસા તાલુકાની એક બેઠકનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાની ધમીજ બેઠક પર ૮૨.૩૯ ટકા તો પાટનાકુવા બેઠક પર ૮૦.૮૭ ટકા મતદાન નોંધાયું છે. કલોલની આમજા બેઠક પર ૮૬.૫૯ ટકા અને ભોંયણ મોટી બેઠક પર ૮૧.૮૬ ટકા મતદાન નોંધાયું છે. માણસા તાલુકાની સૌલૈયા બેઠક પર ૮૩.૨૨ ટકા મતદાન નોંધાયું છે.

કલોલ તાલુકાની આમજા બેઠક પર ત્રણેય તાલુકા પંચાયતમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે. જ્યારે ત્રણેય તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં સૌથી ઓછુ મતદાન માણસા તાલુકાની આજોલ બેઠક પર ૩૭.૯૫ ટકા નોંધાયું છે. ત્રણેય તાલુકા પંચાયતની ત્રણ બેઠકો એવી છે જ્યાં ૫૦ ટકાથી વધુ પણ ૬૦ ટકાથી ઓછુ મતદાન નોંધાયું છે. તેમાં કલોલ તાલુકાની બે બેઠકો બોરીસણા-૨ અને સઈજ-૨ ઉપરાંત દહેગામની ધારીસણા બેઠકનો સમાવેશ થાય છે. જ્યારે ૭૪ બેઠકો પર ૬૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.




**બેસણું**

મારા પિતાશ્રી **જેઠાનંદ ચીમનલાલ ગોપલાણી**નું દુઃખદ અવસાન તા. ૨૯/૧૧/૧૫ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧/૧૨/૨૦૧૫ને મંગળવારના રોજ નીચેના સ્થળે સાંજે ૫-૦૦** વાગ્યે રાખેલ છે.

સ્થળ : સેક્ટર-૭/સી, શિવશક્તિ મંદિર પાસે, ગાંધીનગર

ફર્મ : શ્રી લક્ષ્મી બિસ્કીટ સ્ટોર્સ, સેક્ટર-૮, ગાંધીનગર

પુનીત જેઠાનંદ ગોપલાણી



VOLUNTEER Needed in LONDON MATAJI TEMPLE

Exciting opportunity to Visit London 1 or 2 year

All expenses PAID, Full board.

Send your photograph, passport copy and CV.
Write a short note as to why you are suitable for this opportunity and how you will be helpful.

Email : jasmaicha@gmail.com
+44 7882253540
www.marajitemple.com



Since 1986

अभय

ISO 9001:2008

IAF JAS-ANZ

• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com


# સિનિયર ક્રાઈમ રિપોર્ટર અતુલ ડાયાણીનું દુઃખદ અવસાન



ગાંધીનગર, તા.૩૦

છેલ્લા બે દાયકાથી ક્રાઈમ રીપોર્ટીંગ કરતા સિનિયર રિપોર્ટર અતુલ ડાયાણી કચ્છ ખાતેથી પંચાયતોની ચુંટણીનું કવરેજ કરીને ગઈ રાત્રે કારમાં પરત આવી રહ્યા હતા ત્યારે વિરમગામ નજીક એક બાઈક ચાલક આડો ઉતરતા અકસ્માત સર્જાયો હતો અને કાર ત્રણ પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતને પગલે અતુલભાઈ



પત્રકારોથી માંડીને ટોચના તંત્રીઓએ શ્રધ્ધાંજલી અર્પણ કરી

**વિરમગામ પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયાનાં મળેલા સમાચારથી પત્રકાર આલમમાં ઘેરો શોક : ૧લી ડિસેમ્બરે બેસણું**

ડ્રાઈવીંગ સીટ પરથી ગાડીની બહાર ફેંકાઈ ગયા અને રોડ પર માથું અથડાતા સ્થળ પર જ તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું.

ગત રાત્રી દરમિયાન બનેલી આ ઘટના હજુ પણ પત્રકાર આલમ સ્વિકારી શકયું નથી. પળે પળે એકમેકને મદદરૂપ થવાનાં સ્વભાવવાળા અતુલભાઈ બે દાયકાથી ક્રાઈમ રીપોર્ટીંગ કરતા હતા અને બે માસ અગાઉ જ ઈ-ટીવી ગુજરાતી ચેનલમાં સિનિયર કોરસ્પોન્ડન્ટ તરીકે જોડાયા હતા. રાજયના મુખ્યમંત્રી સહિત અમદાવાદ-ગાંધીનગરના જુનિયર પત્રકારોથી માંડીને ટોચના તંત્રીઓએ શ્રધ્ધાંજલી અર્પણ કરી છે. ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહાએ ગાંધીનગર સમાચાર પરિવાર વતી સ્વ. અતુલભાઈ ડાયાણીના આત્માને પરમાત્મા શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને તથા સહકર્મી પત્રકારોને આ અણધાર્યા આવી પડેલા દુઃખને સહન કરવાની ઈશ્વર શકિત આપે તેવી પ્રાર્થના કરી છે. સ્વ. અતુલભાઈ ડાયાણીનું બેસણું તા. ૧લી ડીસેમ્બરે સાંજે ૪ થી ૭ કલાકે ક્રિશ્ના પાર્ટી પ્લોટ, કુંજ મોલની બાજુમાં, નિકોલ-નરોડા રોડ અમદાવાદ ખાતે રાખ્યું છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


# ગાંધીનગર જિલ્લા પંચાયત અંગે મતદાન અંગેની ટોટલ ટકાવારી

| અ | જિલ્લાનું નામ | કુલમતદારો | | | મતાધિકારનો ઉપયોગ કરેલ મતદારોની વિગત | | | ટોટલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | ગાંધીનગર | ૩૪૯૬૯૫ | ૩૨૭૦૩૯ | ૬૭૬૭૩૪ | ૨૫૫૯૧૧ | ૨૧૫૦૭૭ | ૪૭૦૯૮૮ | ૬૯.૬ |

| અ | તાલુકાનું નામ | કુલમતદારો | | | મતાધિકારનો ઉપયોગ કરેલ મતદારોની વિગત | | | ટોટલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | માણસા | ૭૩૩૬૯ | ૬૯૧૮૯ | ૧૪૨૫૫૮ | ૫૩૫૯૧ | ૪૬૪૬૮ | ૧૦૦૦૫૯ | ૭૦.૧૯ |
| ૨ | કલોલ | ૭૮૨૨૫ | ૭૨૫૦૬ | ૧૫૦૭૩૧ | ૫૭૨૬૩ | ૪૮૪૯૦ | ૧૦૫૭૫૩ | ૭૦.૧૬ |
| ૩ | દહેગામ | ૮૧૪૧૯ | ૭૫૬૪૬ | ૧૫૭૦૬૫ | ૬૨૫૧૫ | ૫૧૩૮૬ | ૧૧૩૯૦૧ | ૭૨.૫૨ |
| | કુલ | ૨૩૩૦૧૩ | ૨૧૭૩૪૧ | ૪૫૦૩૫૪ | ૧૭૩૩૬૯ | ૧૪૬૩૪૪ | ૩૧૯૭૧૩ | ૭૦.૯૯ |

## ● ગાંધીનગર પાલીકા મતદાન અંગેની ટોટલ ટકાવારી

| અ | નગરપાલિકા | કુલમતદારો | | | મતાધિકારનો ઉપયોગ કરેલ મતદારોની વિગત | | | ટોટલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | કલોલ | ૪૪૮૯૦ | ૪૧૭૦૮ | ૮૬૫૯૮ | ૨૮૮૮૪ | ૨૪૨૬૮ | ૫૩૧૫૨ | ૬૧.૩૮ |
| ૨ | દહેગામ | ૧૫૧૭૧ | ૧૪૬૫૭ | ૨૯૮૨૮ | ૧૧૫૯૯ | ૧૦૨૭૧ | ૨૧૮૭૦ | ૭૩.૩૨ |
| | કુલ | ૬૦૦૬૧ | ૫૬૩૬૫ | ૧૧૬૪૨૬ | ૪૦૪૮૩ | ૩૪૫૩૯ | ૭૫૦૨૨ | ૬૪.૪૪ |


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com